રાજભવન, ગાંધીનગર
તા. ૦૮/૦૯/૨૦૧૫

## માનવ ધર્મ એ છે જે અન્યના દુ:ખોની અનુભૂતિ કરાવે છે
## – રાજયપાલશ્રી

## રાજભવનમાં યોજાયેલ સત્સંગ સભામાં શ્રી એમ. નું મનનીય પ્રવચન

---

ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે માનવ ધર્મ એ સમાજમાં એકતા અને પરસ્પર સદ્ભાવનાનો સંદેશ આપનાર છે. માનવ ધર્મ એ છે જે બીજાના દુ:ખની સ્વયમ્‌ને અનુભૂતિ કરાવે છે.

માનવ એકતા મિશનના સંસ્થાપક આધ્યાત્મિક ગુરૂ શ્રી એમ. ના નેતૃત્વમાં કન્યાકુમારી થી શરૂ કરેલ ''આશા પદ–યાત્રા વોક આૅફ–હોપ''ના ગુજરાતમાં આગમન દરમ્યાન રાજભવન ખાતે યોજાયેલ સત્સંગ સભામાં રાજયપાલશ્રી સંબોધન કરી રહયા હતા.

તેમણે જણાવ્યું હતું કે શ્રી એમ. રાષ્ટ્રમાં પ્રેમ–શાંતિ, સદ્ભાવના અને સામાજિક સંવાદિતાને દ્રઢ બનાવવા માટે જે પદયાત્રાના માધ્યમથી જનજાગૃતિનું ઉદાત્ત ભાવના સાથે કાર્ય કરી રહયા છે તે ખરેખર પ્રશંસાને પાત્ર છે. તેમણે આ પદયાત્રાની સફળતા માટે શ્રી એમ અને તેમના સહયોગીઓને શુભકામનાઓ આપી હતી. તેમણે આશા વ્યકત કરી હતી કે આ પદયાત્રા થી સામાજિક શ્રેયના કાર્યોમાં જન સમાજની હિસ્સેદારી

વધશે તથા સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે તેમના ઉત્તરદાયિત્વ વિશે જાગૃતિનો સંચાર થશે.

શ્રી એમ. એ તેમના મનનીય પ્રવચનમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રના કલ્યાણ, સામાજિક એકતા, પરસ્પર ભાઈચારા – સદ્ભાવનાનું લોકોમાં સિંચન થાય તેવી ઉદાત્ત ભાવના સાથે કન્યાકુમારી થી કાશ્મીર સુધીની આ પદયાત્રા શરૂ કરવામાં આવી છે. આ યાત્રા વિવિધ સમુદાયોના લોકોને પરસ્પર જોડવા અને તેમનામાં રાષ્ટ્રીય ચેતના પ્રજ્જવલિત કરવાના ઉદ્દેશને સાકાર કરવાના ભાગરૂપે યોજવામાં આવી છે.

આ પ્રસંગે પદયાત્રામાં જોડાયેલા સભ્યો, સ્થાનિક પ્રબુદ્ધજનો અને અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

———————————————————

પ્રેસ સચિવ